Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

समयं गोयम ! मा पमायए ।

" હે ગૌતમ, ક્ષણુમાત્ર પણુ તું પ્રમાદ ન કર "

કેવો સારગર્ભિત પ્રભુ મહાવીરનો આ ઉપદેશ છે. પ્રભુ મહાવીર ગૌતમસ્વામીને કહે છે કે–

कुसग्गे जह ओसबिन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥

જેવી રીતે ઝાકળનું બિન્દુ કુશના અગ્રભાગ ઉપર બહુ જ થોડીવાર રહે છે, તેવી રીતે મનુષ્યનું જીવન પણુ અતિ ટૂંકું છે, ક્ષણુવારમાં નષ્ટ થઇ જવાનું છે. તેથી હે ગૌતમ ક્ષણુભર પણુ પ્રમાદ ન કર !

——o——

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક ૬

ચૈત્ર
સં. ૨૦૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મહાવીર જયંતી ગીત | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૭૭ |
| ૨. | મહાવીરજીવન ગીત | ( રક્તતેજ ) | ૭૮ |
| ૩. | મહાવીર જયંતિ | ( ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનનું પ્રવચન ) | ૭૯ |
| ૪. | મહાવીર–સમતાના પ્રતીક | ( શ્રી ઋષભદાસજી રાંકા ) | ૮૨ |
| ૫. | દ્રવ્યપૂજા અને આજનું વર્તન | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૮૫ |
| ૬. | "હું"ની વ્યાપ્તિ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૮૭ |
| ૭. | વીરની અહિંસા | ( રક્તતેજ ) | ૯૦ |
| ૮. | શોણિતપુર | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૯૨ |


## જન્મ જયંતિ મહોત્સવ

આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી( આત્મારામજી મહારાજ ) ના જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી ચૈત્ર સુદી ૧ તા. ૨૮–૩–૬૦ સોમવારના રોજ રાંધનપુરનિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મૂલજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂ. ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવ્વાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો ખાસ પધાર્યા હતા અને સાંજના પ્રીતિભોજન યોજવામાં આવેલ હતું.


## શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું ૨૧ મું અધિવેશન

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સનું ૨૧ મું અધિવેશન તા ૩૦ એપ્રીલ તથા ૧ અને ૨ મે શનિ–રવિ–સોમવારના રોજ લુધીયાના( પંજાબ )માં મળશે. તેના પ્રમુખ તરીકે સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ બાબુ શ્રી નરેન્દ્રસિંહજી સિંધી એમ. એ. એમ.એસ.સી. ની પસંદગી થઇ છે.

આ અધિવેશનમાં હાજરી આપવા માટેની આમંત્રણ પત્રિકા બહાર પડી ચૂકી છે, અને તેમાં સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી મેઘરાજ જૈન તથા પ્રધાન મંત્રી શ્રી બાબુરામ જૈન તરફથી દરેક સંસ્થા વગેરેને પ્રતિનિધિ મોકલવા વિનંતિ કરવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] ચૈત્ર તા. ૧૫-૪-૬૦ [ અંક ૬

# શ્રી મહાવીર જયંતી ગીત

[ આવો આવો હે વીર સ્વામી—એ રાગ ]

આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતી કાજ,
ઉત્તમ ચૈત્ર સુદિ તેરસ દિન, સાથે સાજન સાજ. આવો૦ ૧

**વીર પ્રભુ** જનમ્યા મધરાતે, વ્યાપ્યું શાંતિ રાજ,
ધર્મ કર્મને સમજાયાં સર્વે, પામ્યા મુક્તિ તાજ. આવો૦ ૨

ત્રિશલા માતા હરખ્યાં હૈયે, સિદ્ધારથ મલકાય,
ક્ષત્રિયકુંડે આનંદ ઓચ્છવ, ભાવેથી ઉજવાય. આવો૦ ૩

ચોસઠ ઈન્દ્રો સ્નાત્ર કરીને, ઉજવે ઉત્સવ સર્વ,
ગણધર મુનિવર ગુણ સૌ ગાતા, વર્તે જય જયકાર. આવો૦ ૪

દીક્ષા લઈ જગને ઉદ્ધાર્યું, સહ્યાં પરિષહ સર્વ,
કેવળજ્ઞાને પ્રભુ પ્રકાશ્યા, નમતા નર તજી ગર્વ. આવો૦ ૫

સમવસરણમાં દેશના સુણવા, આવ્યા સુર નર પંખી,
**લક્ષ્મીસાગર અજિત વીરને,** ગાયે પૂજે સુ હરખી.
આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતી કાજ૦ ૬

રચયિતા—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર જીવન ગીત

"રક્તતેજ"

આ દુનિયાની જનતા આજે, શોધી રહી છે નવો પ્રકાશ,
દુનિયાની સઘળી દિશામાં છે, અંધારું પણ નહિ પ્રકાશ.
માનવ સઘળા દુઃખપીડિત છે, દૂર થયું છે સુખનું કિરણ,
અન્યાયો ને અંધારું જે, દુનિયા માગે તેનું વારણ.
દેશ દેશ ને પ્રાન્તે પ્રાન્તે, હિંસાનો બહુ વધ્યો પ્રભાવ,
વિશ્વ યુદ્ધની નાશક વાતે, શાંતિનો થઇ રહ્યો અભાવ.
આવા સમયે બહુ ઉપયોગી, મહાવીરનો શાંતિ સંદેશ,
તેના બળથી પ્રકાશ લાધે, સુખી થાયે સઘળા દેશ.
પચ્ચીસસો અઠ્ઠાવન વર્ષો પહેલાં, જગમાં થયો ઉજાસ,
જન્મ થયો પ્રભુ વીરનો પાવન, શુકલ તેરસ ચૈતર માસ.
ધામ વૈશાલીના પાસે, કુંડલપુરમાં લિચ્છવી કુલમાં,
ત્રિશલા મા–સિદ્ધાર્થ પિતાના, સંસ્કારી ને ઉચ્ચ કુળમાં.
ત્રીસ વર્ષ સંસારી રહ્યા પણ, મોહ માનથી અલિપ્ત રહ્યા,
જોયા દુનિયામાં પાખંડ, હિંસા દંભને ફૂલ્યાફાલ્યા.
તે સઘળાને દૂર કરીને, સુખી કરવા પ્રાણી–જગમાં,
રાજકાજનો ત્યાગ કરીને, દીક્ષા લઈ વિચર્યા આ જગમાં.
બાર વર્ષ બહુ કષ્ટો સહીને, તપસ્યા કરીને થયા મહાન,
તેના પરિણામે પ્રભુ પામ્યા, ઉચ્ચ અવિચળ કેવળજ્ઞાન.
મહાસતી ચન્દનબાળાનો, કર્યો ક્ષણભરમાં ઉદ્ધાર,
ગોશાલક જેવા પર પણ છે, પ્રભુની મીઠી દયા નજર.
કેવળજ્ઞાન થયા પછી પ્રભુએ, આપી દેશના બહુ બહુવાર.
અહિંસા સત્ય આદિ સિદ્ધાન્તો, ફેલાવ્યા બહુ કરી પ્રચાર.
દેશના માટે ત્રીસ વરસનો, કર્યો આકરો પાદવિહાર,
ઉત્તર ભારતની ભૂમિમાં, વિશ્વ પ્રેમનો કર્યો પ્રચાર.
જનભાષામાં પ્રવચન કરીને, સંયમનો મહામાર્ગ બતાવ્યો,
નવનિર્માણના મહા દર્શને, દુનિયાભરમાં છે ફેલાવ્યો.
અગ્યાર હતા ગણધર તેઓના, સાધુ સાધ્વી પચ્ચીસ હજાર,
અસંખ્ય શ્રાવક શ્રાવિકાનો પણ કર્યો પ્રભુએ ઉદ્ધાર.
બોંતેર વર્ષ પૂરા કરી પ્રભુજી પાવાપુરીના પુનિત ધામે,
સદાનંદના એ અધિકારી, સીધાવ્યા મુક્તિના ધામે.
હે વિશ્વના માનવપ્રાણી ! સુણી પ્રભુનો મહાસંદેશ,
લે પ્રતિજ્ઞા અહિંસાકેરી, આત્મધ્યાને કરી પ્રવેશ.
જય બોલો જય બોલો સહુ, પ્રભુ વીરની જય બોલો,
સૂર્યોદયના રક્તતેજની સાખે આજે જય બોલો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર જયંતિ*

ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૨૦૦ વર્ષ સુધીનો ગાળો ઇતિહાસમાં ઉત્ક્રાંતિ-કાળ તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સમય દરમિયાન સંસારની વિચારધારા જડપ્રકૃતિના અધ્યયનથી ખસીને માનવજીવનના અધ્યયન તરફ વળી. ચીનમાં કન્ફ્યુસ્યસ, ભારતમાં ઉપનિષદોના ઋષિ, મહાવીર અને ગૌતમ બુદ્ધ, ઇરાનમાં જરથોસ્ત અને ઇજીપ્ત બાજુએ મહાન પયગંબરો, ગ્રીસમાં પાયથાગોરાઝ, સોક્રેટીસ અને પ્લેટો જેવા મહાન દાર્શનિકોએ બાહ્ય પ્રકૃતિમાંથી પોતાનું ધ્યાન અંતર્મુખ બનાવ્યું. આવા મહાન પુરુષોમાંથી એક ભગવાન મહાવીરની જન્મજયંતિ આપણે ઉજવીએ છીએ. મહાવીરને "જિન" એટલે કે વિજેતાનું બિરુદ મળ્યું છે. એમણે કોઈ દેશને જીત્યો નથી. તેમનો વિજય પોતાની વૃત્તિઓ પરનો વિજય છે. તેમણે સંસારના કોઈ યુદ્ધમાં ભાગ લીધો એટલા ખાતર તે મહાવીર નથી કહેવાયા પરંતુ પોતાની આંતરિક વૃત્તિઓ સાથે ઝઘડીને તેમણે વિજય પ્રાપ્ત કર્યો છે અને તેથી તેઓ મહાવીર કહેવાયા. દૃઢતા, તપ, સંયમ, આત્મશુદ્ધિ અને જ્ઞાનોપાસના દ્વારા તેમણે માનવી જીવનમાં જ દેવત્વ પ્રાપ્ત કર્યું છે. તેથી આજે તેની જન્મજયંતિ ઉજવતી વખતે આપણું ધ્યેય એ હોઈ શકે કે તેના ઉદાહરણથી બીજાઓને આત્મવિજય પ્રાપ્ત કરવામાં ઉચ્ચ આદર્શ તરફ કદમ બઢાવવાની સ્ફૂર્તિ મળે.

ભારતનો ઇતિહાસ પ્રારંભથી આજસુધી ઉપરના આદર્શ પર આધારિત રહેલો છે. જ્યારે આપણે મોહન જો-ડેરો તથા હરપ્પા યુગથી લઈને આજના સમય સુધીના પ્રતીકો, મૂર્તિઓ, સંસ્કૃતિના બીજા સ્મારકો જોઈએ છીએ ત્યારે પણ આ જ પરંપરાનું સ્મરણ થાય છે કે આદર્શ પુરુષ આત્માના પ્રભુત્વ તથા ઉત્કર્ષની ભાવના સ્થાપિત કરનાર જ હોય છે. આજે લગભગ ચાર-પાંચ હજાર વર્ષોથી આ જ આદર્શ આપણા દેશના ધાર્મિક વાતાવરણમાં એકરૂપ થઈ ગયેલો છે.

ઉપનિષદોનું સંસારપ્રસિદ્ધ વાક્ય 'તું બ્રહ્મ છો' માનવીય આત્મામાં દેવત્વની યોગ્યતાની સ્થાપના કરે છે. આના વડે આપણને સમજાવવામાં આવ્યું છે કે નશ્વર દેહ કે ચંચળ મન આત્મા નથી. ભૌતિક શરીર તથા ચંચળ મન કરતાં પણ પ્રત્યેક વ્યક્તિમાં જે ઉત્કૃષ્ટ તત્ત્વ વ્યાપેલું છે તે આત્મા છે. આત્મા ઇન્દ્રિયગમ્ય નથી તેથી તે મૂર્તિમાન બની શકતો નથી. મનુષ્યનું વ્યક્તિત્વ સંસારચક્રમાં ફેંકેલી કોઈ મામુલી વસ્તુ નથી. તે સજીવ છે અને તેથી જ તેનું સ્થાન પ્રકૃતિ અને સમાજના ભૌતિક વાતાવરણથી ઊંચું છે. જો આપણે માનવીના આંતરિક તત્ત્વને ઓળખી ન શકીએ તો આપણે હાથે જ આપણો નાશ થાય. દુનિયાના અધિકાંશ મનુષ્યો સંસારની આસક્તિઓમાં ફસાઈ ને પોતાની જાતને ભૂલી જાય છે. આપણે સ્વાસ્થ્ય, ધન-સંપત્તિમાં જ ખોવાઈ ગયા છીએ. આ બધી વસ્તુઓનો કાબૂ આપણાં ઉપર છે પરંતુ આપણો કાબૂ તેના ઉપર નથી. આવા પરાધીન બનેલા મનુષ્યો પોતાને હાથે જ પોતાનો નાશ કરે છે. આ કારણથી

---

* સં. ૨૦૧૨માં ન્યુ દિલ્હીમાં "મહાવીર જયંતિ" મહોત્સવ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને આપેલા અંગ્રેજી પ્રવચનનું ગુજરાતી ભાષાંતર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ આપણને સ્વાધીન બનવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, અધ્યાત્મવિદ્યા સર્વશ્રેષ્ઠ વિદ્યા છે. ઉપનિષદમાં કહેલું છે કે ' તારી જાતને ઓળખ. ' શંકરાચાર્યે પણ અધ્યાત્મ જીવન માટે જડ અને ચેતન વસ્તુના ભેદ–જ્ઞાન જરૂરી કહ્યું છે કારણકે સંસારમાં સૌથી મોટો લાભ આત્મલાભ છે. ભિન્ન ભિન્ન ગ્રંથકારોએ પણ કહ્યું છે કે જે માણસ સંસારની બધી વિભૂતિઓનો ઉપયોગ આત્મ ઉત્કર્ષને માટે કરે તે મહાન છે. ઉપનિષદોમાં પણ એમ સાબિત કરવામાં આવ્યું છે કે પતિ–પત્ની, ધન–સંપત્તિ વગેરે સર્વે સાધન આત્મ અનુભવને માટેના જ સાધન છે. સંયમ અને નિર્દોષ જીવન દ્વારા જ આ પરમ પદને જે પ્રાપ્ત કરે છે તે પરમાત્મા. જે પોતાને આધીન તે અર્હંત. તેના ઉપર જન્મ–મરણ કે કાળનો કંઈ પણ પ્રભાવ રહેતો નથી. ભગવાન મહાવીર એક એવા મહાન આદર્શ પુરુષ છે જેણે સંસારના બધા પદાર્થોનો ત્યાગ કર્યો અને ભૌતિક બંધનથી પોતાની જાતને મુક્ત રાખી. તેઓ પોતાના આત્મોત્કર્ષમાં સફળ થયા. આ આદર્શ ઉપર કેમ ચાલવું, કઈ સાધનાદ્વારા આત્માનુભવ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવા તે પ્રશ્નોના જવાબ આપણાં શાસ્ત્રોમાં કહેલા છે. શાસ્ત્ર કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર છે. ભગવાન મહાવીરે પણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો નિર્દેશ કરી આ તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે. આપણને વિશ્વાસ અને શ્રદ્ધા હોવી જોઈએ કે સંસારની વસ્તુઓ કરતાં કોઈ ઊંચો પદાર્થ છે. માત્ર અંધ ભક્તિથી કામ નહીં થાય. આપણે મનનદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. ચિંતન દ્વારા શ્રદ્ધા અને વિશ્વાસને આધારરૂપ બાબતોને જ્ઞાન અને પ્રકાશના તત્ત્વોમાં પરિવર્તિત કરી શકાય છે પરંતુ માત્ર સૈદ્ધાન્તિક જ્ઞાન પણ પૂર્ણ નથી. કેવળ શબ્દજ્ઞાન દ્વારા અમર જીવન પ્રાપ્ત કરી શકાતું નથી· આપણે એ મહાન સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા જોઈએ. તેથી ચારિત્ર્યની પણ તેટલી જ જરૂર પડે છે. દર્શન, વંદન અથવા શ્રવણથી માંડીને મનન સુધી આપણે પહોંચીએ છીએ. અને ત્યાંથી સેવા અથવા ચારિત્ર ! જૈન આચાર્યોએ દેખાડયું છે કે આત્માનુભવની પ્રાપ્તિ માટે આ ત્રણેની જરૂર છે. ચારિત્ર એટલે સદાચાર. એને માટે નિયમ કયા ? આને માટે વિવિધ પ્રકારના વ્રતો પાળવાનો ઉપદેશ કરવામાં આવે છે. પ્રત્યેક જૈને અહિંસા, અમૃષા, અચૌર્ય, અમૈથુન અને અપરિગ્રહ એ પાંચ વ્રત પાળવાં જોઈએ. પરંતુ આ પાંચે વ્રતોમાં અહિંસાને જ પ્રાધાન્ય અપાયું છે. કેટલાંક અહિંસાના ઉપાસકો ખેતી પણ છોડી દે છે કારણ કે ખેતી માટે હળનો ઉપયોગ કરવાથી સૂક્ષ્મ જીવોનો નાશ થાય. આ સંસારમાં પોતાની જાતને હિંસાથી સંપૂર્ણપણે બચાવવી અસંભવ છે માટે જ મહાભારતમાં કહેવાયું છે કે જીવ બીજા જીવને અન્ન છે. આમ છતાં પણ આપણું એ કર્તવ્ય છે કે બની શકે ત્યાં સુધી અહિંસાનો વિસ્તાર કરવો. પ્રયત્નદ્વારા હિંસાના ક્ષેત્રનો સંકોચ અને અનુભવના ક્ષેત્રનો વિસ્તાર કરવો. આટલા માટે આપણે અહિંસાને જીવનનું લક્ષ્યબિંદુ બનાવ્યું છે.


જો આપણે અહિંસાના આદર્શનો સ્વીકાર કરીએ તો તેના પરિણામરૂપે આપણે જૈન ધર્મના અનેકાંતવાદને અપનાવવો પડે. જૈનોનું કહેવું છે કે માત્ર જ્ઞાનપ્રાપ્તિ એ જ આપણો આદર્શ છે; પરંતુ સામાન્ય જીવનમાં આપણને થોડા પ્રમાણમાં જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. વસ્તુના અનેક ધર્મો હોય છે; તેના અનેક પક્ષો હોય છે. તેનું રૂપ મિશ્ર છે. તેના ગુણ અને ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. માણસને વસ્તુના કોઈ પણ એક અંગનું જ્ઞાન થાય તો તેનો મત એકાંગી બનવાની સંભાવના રહે છે. આવા મતમાં પૂર્ણ સત્યનું દર્શન પણ પ્રાપ્ત થતું નથી. જે લોકોએ રાગ દ્વેષ વૃત્તિઓ પર વિજય મેળવ્યો છે તેમનું દર્શન સંપૂર્ણ સત્યનું દર્શન હોઈ શકે. આ વાતના જ્ઞાનથી આપણને એમ વિશ્વાસ થવા માંડે છે કે આપણે જેને સત્ય માન્યું તે ખરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે સત્ય ન પણ હોય. આને લીધે મનુષ્યની ધારણાઓની અનિશ્ચિતતાનુ જ્ઞાન આપણને થવા માંડે છે. આને લીધે આપણને એમ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે આપણી સૌથી ગંભીર ધારણાઓ પણ અનિત્ય હોઈ શકે. છ આંધળા અને હાથીના દૃષ્ટાંતવાળા આ સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. આ પાક્ષિક સત્યો પરસ્પર વિરોધી નથી. તેમાં અંધકાર અને પ્રકાશ જેવો વિરોધાત્મક સંબંધ નથી. તેને આપણે ભિન્ન માનવાં જોઈએ. તેઓ સત્યના વૈકલ્પિક રૂપો છે. આજે સંસાર અનેક ક્લેશોથી રીબાય છે. આપણે સંયુક્ત જગતના ધ્યેયને આપણું લક્ષ્ય બનાવીએ છીએ. પરંતુ એકત્વ કરતાં ભિન્નત્વ એ આજના યુગનું એક વિશિષ્ટ લક્ષણ છે. બે સંસારની યોજનાઓમાં ઘણુંખરાં માણસોને એક લોભ ઉત્પન્ન થાય છે કે આ સારું અને તે ખરાબ. આથી બુરાંને દૂર કરવું જોઈએ. પરંતુ તેને (બુરાને) સત્યના એક વિકલ્પ તરીકે એટલે કે મૌલિક સત્યના અનેક અક્ષયમાન પક્ષોમાંથી એક માનીને ચાલવું યોગ્ય છે. તે આંધળાઓએ એક અંગના સ્પર્શ ઉપર જે ભાર મૂક્યો તે એટલે દોષિત છે તેટલો જ દોષ સત્યના કોઈ એક જ અંગ ઉપર મૂકવો તે છે. માનવહિતને માટે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સામાજિક ન્યાય બન્નેની જરૂર છે. આપણે કોઈ પણ એકનું મરચું મીઠું ભભરાવીને અથવા બીજાનું ઓછું મહત્વ મૂકીને વર્ણન કરી શકીએ છીએ. પરંતુ જૈનના અનેકાંતવાદ, સપ્તભંગીનય અથવા સ્યાદ્‌વાદનો કોઈ પણ અનુયાયી તે જાતના સંસ્કારબંધને સ્વીકારતો નથી. તેમની ભાવના તો સત્યાસત્યનો વિવેક કરીને સમન્વય સ્થાપિત કરવાની હોય છે. આપણી મનોવૃત્તિ પણ આવી જ હોવી જોઈએ. આ રીતે આપણે ભગવાન મહાવીરના જીવનમાંથી સંયમની જરૂરિયાત, અહિંસાયુક્ત સદાચાર, સહિષ્ણુતા તથા બીજાના દૃષ્ટિકોણનું યોગ્ય રીતે મૂલ્યાંકન વગેરે અનેક બાબતો શીખી શકીએ છીએ. જો આપણે આ વસ્તુને યાદ રાખી શકીએ અને આ સિદ્ધાંતોને હૃદયમાં અંકિત કરીને છુટાં પડીએ તો આપણે તે મહાપુરુષ પ્રત્યેના આપણાં ઋણમાંથી એક ઓછું કરવામાં સફળ થયાં ગણાઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીર–સમતાના પ્રતીક*

**મા**નવ સંસ્કૃતિના વિકાસમાં અનેક મહાપુરુષોએ ફાળો આપ્યો છે. તેઓએ સાધના કરી, અનુભવ પ્રાપ્ત કર્યો અને દુનિયાના મનુષ્યોને માણસાઇનો બોધ કર્યો. આવા મહાન ચિંતક, વિચારક અને માર્ગદર્શકોમાંના એક ભગવાન મહાવીર હતા. જેમણે માનવતાની વૃદ્ધિને માટે કઠોર સાધનાદ્વારા અનુભવ પ્રાપ્ત કરી સમાજમાં જીવન સાથે વણાયેલી વિકૃતિઓને દૂર કરી એવું માર્ગદર્શન આપ્યું જે તેમના સમયના જેટલું જ આજે અઢી હજાર વર્ષ પછી પણ સંસારની સમસ્યાઓને ઉકેલવામાં ઉપયોગી બને છે. મનુષ્યમાં માનવતા આવે, તે માત્ર પોતાની જ ભલાઈ માટે નહીં પણ સર્વેની ભલાઇ માટે પ્રયત્ન કરે. આ બોધ આપવાનું કાર્ય યુગોથી અનેક મહાપુરુષોદ્વારા બધા દેશોમાં વધતા ઓછા પ્રમાણમાં બનતું રહ્યું છે. ભારતમાં આ પ્રમાણની માત્રા અધિક છે. આ ભૂમિમાં અનેક ચિંતક, વિચારક, માર્ગદર્શક અથવા તીર્થંકરોએ જન્મ લીધો.

જેમનામાં ચિંતનનું ઊંડાણ વધારે પ્રમાણમાં હતું એવા વિચારક અને ઋષિઓએ, જેમના જીવનમાં ગુણો વધારે પ્રમાણમાં વિકાસ પામેલા હતા તેમને ત્યાગ અને સેવામય જીવનદ્વારા સામાન્ય મનુષ્યોમાં આ જ્ઞાન પ્રચાર કરવાનું કામ સોંપ્યું. જેમનામાં શારીરિક બળ સારા પ્રમાણમાં હતું તેમને નિર્બલ લોકોની રક્ષાની જવાબદારી સોંપી અને તેઓએ પ્રાણના ભોગે પણ અન્યાય અને અત્યાચારનો વિરોધ કરવો એ મંત્ર આપ્યો. સમાજ માટે ઉપયોગી વસ્તુનું ઉત્પાદન અને વિતરણ આ કામમાં યોગ્ય હતા તેને ફાળે આવ્યું. બાકી રહેલા માણસો ઉપર જણાવેલ વ્યક્તિઓને મદદ કરે અને સમાજની સેવા કરે એમ નક્કી કર્યું. સમાજના હિત માટે વિશિષ્ટ શક્તિનો ઉપયોગ કરવાની આ યોજના હતી. આ વ્યવસ્થાથી સમાજનું કાર્ય અબાધિત ગતિએ ચાલ્યા કરે અને સમાજમાં કોઈ દુઃખી ન બને તે ઉદ્દેશ્ય હતો, પરંતુ જ્યારે પોતાની શક્તિનો ઉપયોગ અહંકાર–પોષણ તથા સ્વાર્થને માટે થવા લાગ્યો ત્યારે માનવતા પ્રેમીઓને સમાજમાં આવેલી આ વિકૃતિથી દુઃખ થાય તે સહજ છે. આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ વિકૃતિને પરિણામે સમાજ દુર્બલ બની રહ્યો હતો. ગુણની શ્રેષ્ઠતાનું સ્થાન જન્મની શ્રેષ્ઠતા લેવા માંડી હતી.

આ રીતે માંસાહારને મર્યાદિત બનાવવા માટે યજ્ઞ સિવાયના માંસાહારનો નિષેધ કરવામાં આવ્યો. યજ્ઞકાર્ય સાથે માંસાહાર ને જોડવાનો આશય માંસાહાર ઓછો કરવાનો અથવા સંપૂર્ણ બંધ કરવાનો હતો. યજ્ઞ પવિત્ર વસ્તુ છે અને સેવા માટે કરવામાં આવે છે માટે માંસાહારને યજ્ઞ સાથે જોડ્યો. પરંતુ સ્વાદલોલુપ મનુષ્યોએ તો ઉપરના ઉદ્દેશ્યને જ મારી નાખ્યો.

આ જ રીતે ઈશ્વર સંબંધી માન્યતામાં પણ વિકૃતિ આવી. આ માન્યતાનો ઉપયોગ માનવીને ગુલામ બનાવવા માટે થવા લાગ્યો. આથી આ માન્યતામાંથી ગુણ વિકાસ તથા અહંકાર ત્યાગનો

* "શ્રમણ"ના એપ્રિલ–મે ૧૯૫૮ના અંકમાં આવેલા "સમતા કે પ્રતીક મહાવીર" નામના શ્રી રિષભદાસ રાંકાના હિંદી લેખનો અનુવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ અદશ્ય થયો. આત્મવિકાસ કે સદ્‌ગુણોપાસના સામાજિક ધર્મ મટી વ્યક્તિગત સાધનાનું અંગ બની ગયો. આથી આત્મવિકાસ અથવા સદ્‌ગુણવિકાસની ઇચ્છાવાળા લોકો જંગલમાં જઇને કઠોર સાધના કરતા. દેહદમન જ આત્મકલ્યાણ મનાવા લાગ્યું. આવી વિકૃતિવાળા સમયમાં ભારતમાં અનેક વિચારક તથા મહાપુરુષ થયા જેમણે તે સમયની પ્રચલિત વ્યાખ્યાઓને બદલે વર્ણાશ્રમ યજ્ઞ, તપસ્યાને માટે નવી જ વ્યાખ્યાઓ બનાવી. વ્યાસ, શ્રીકૃષ્ણ, જનક, પાર્શ્વનાથ, યાજ્ઞવલ્ક્ય તથા કપિલ આવા મહાન પુરુષો હતા. એ લોકોએ કર્મકાંડ કરતાં સદ્‌ગુણવિકાસ પર વધારે જોર દીધું. તેમણે અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ આદિ સદ્‌ગુણોને સામાજિક ગુણો બનાવવાનો પ્રયત્ન કર્યો.

આ સમયમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાલીના એક ઉપનગરમાં મહાવીરનો જન્મ થયો. તેમના માતા-પિતાએ તેનું નામ વર્ધમાન પાડયું. બચપણથી જ તે નિર્ભય, સદ્‌ભાવનાશીલ, સહૃદયી, વડીલોને માન આપનાર અને ચિંતનશીલ હતા. બચપણમાં રમતાં રમતાં તેમણે સર્પને પકડીને દૂર ફેંકયો હતો, તેથી લોકો તેને મહાવીર કહેવા લાગ્યાં. તેમની આ નિર્ભય વૃત્તિ ઉમર સાથે વધતી ગઇ.

સહૃદયતાને લીધે તેમનું ધ્યાન સમાજમાં પ્રચલિત વિષમતાઓ તરફ ગયું અને સમતાનું સ્થાપન કેમ થાય તેને માટે તેઓ ચિંતન કરવા લાગ્યા. સર્વ માનવ તરફની સહૃદયતાને લીધે તેનામાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પરિણામે તેમણે સંન્યાસ લીધો.

ઘર છોડ્યા પછી તેમની સાધનામાં કંઈ મુશ્કેલી ન આવે એટલા માટે તેમના ઇષ્ટ મિત્રોએ તેની સાથે કોઇને રાખવાની વ્યવસ્થા કરવા કહ્યું; પરંતુ મહાવીરે જવાબ દીધો કે હું તો સાધના કરવા માંગું છું અને સાધનામાં બીજાની મદદ ઉપયોગી બનતી નથી.

બધા પ્રાણી સુખ ઇચ્છે છે. તેને માટે પ્રયત્ન કરે છે. તે છતાં તેમને સુખ બહુ જ અલ્પમાત્રામાં મળે છે. આનું કારણ એ છે કે મનુષ્ય શરીરને પ્રાધાન્ય આપે છે. ભૌતિક સુખોની પાછળ તે ફર્યા કરે છે અને પોતાના સુખની પ્રાપ્તિમાં તે બીજાનાં દુઃખનું કારણ બને છે. સર્વ તરફ, સમભાવ રાખવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે. પ્રશ્ન ઉઠે છે કે સર્વ તરફ સમભાવ રાખીને જીવી શકાય ? જે દુઃખ આપે તેની સાથે સમતાપૂર્વક વ્યવહાર રાખી શકાય ? શત્રુને પણ મિત્ર બનાવવાની આફત પડે ખરી ? આ બધા વિચારો તેમણે ઘર છોડયું ત્યારે તેમના મગજમાં ઘોળાતા હતા.

આ સમસ્યાનો ઉકેલ મહાવીર તર્ક અથવા બુદ્ધિથી નહીં પરંતુ પોતાના અનુભવથી લાવવા ઇચ્છતા હતા. તેથી શરીરદમનની જરૂર પડી. તેમણે ગૃહત્યાગ કરીને બાર વર્ષની લાંબી સાધના કરી. અનેક દુઃખો સહન કર્યા, અનેક આવેગોને તેમણે શાંત ચિત્તે સહન કર્યા, તેણે શરીર ઉપર એવો કાબુ મેળવ્યો હતો કે શરદી, ગરમી, અથવા વર્ષાની તેના પર કંઈ અસર થતી ન હતી. ઝેરી જીવડાંઓના ડંખ પણ તેને ચિંતનમાંથી વિચલિત કરી શકતા નહીં. તેના મન પર બીજા દ્વારા અપાતાં કષ્ટોની કંઇ જ અસર ન થતી. તેનું જીવન અભ્યાસને લીધે એવું સહજ થઇ ગયું હતું કે બાહ્ય કોઇ પણ સાધનનો અભાવ તેને કંઇ પણ દુઃખ આપી શકતો નહીં. સાધનાના સમય દરમિયાન તેમણે મૌન પાળ્યું. જે કંઈ મળતું તે ખાઇ લેતા. સાધનાકાળનો ઘણોખરો સમય તેમણે ઉપવાસમાં જ વિતાવ્યો, ચિંતન અને ધ્યાનમાં જ પોતાનો સમય વિતાવતા. બીજાને ભારરૂપ ન બનવું તથા કોઇ પણ પ્રકારનું દુઃખ ન પહોંચાડવું તે તેની સાધનાની વિશેષતા હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય રીતે શરીરના દુઃખ અસહ્ય લાગે છે પરંતુ સ્વભાવ દ્વારા તેના ઉપર વિજય મેળવી શકાય છે. શારીરિક સુખ દુઃખ બ્રહ્માનંદમાં બાધક બનતાં નથી. માનવીના ભયંકર શત્રુ તેના આંતરિક બુરાઇ અને દુર્ગુણ છે તેથી બુરાઇઓ દૂર કરવાથી અથવા સદ્ગુણનો વિકાસ કરવાથી સાચું સુખ મળે છે. જ્યારે તેને આ અનુભવ થયો ત્યારે તેમનું જ્ઞાન નિર્મળ અને શુદ્ધ થયું. તેની પ્રજ્ઞા ઉપર કોઇ આવરણ ન રહ્યું. જ્યારે સાધના પૂર્ણ થઇ ત્યારે તેણે ઉપદેશ દેવાનું શરૂ કર્યું. તેનો ઉપદેશ અનુભવજન્ય હોવાને લીધે લોકો ઉપર તેનો પ્રભાવ પડવા માંડ્યો. તેમના મુખ્ય શિષ્યો બ્રાહ્મણો જ હતા. તેઓએ જ તેના ઉપદેશનો પ્રચાર કર્યો.

તેનો ઉપદેશ સાધના અને સમતા પર આધારિત હતો તેથી તેનું વહન લોકભાષા બની. તેણે સમજાવ્યું કે સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ પ્રયત્ન કરવાથી મહાન બની શકે છે. આ રીતે મનુષ્ય પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. જન્મથી કોઇ ઉંચ નીચ નથી. મસ્તક મુંડન કરવાથી કોઇ સાધુ થતો નથી. અથવા તો માત્ર ૐકાર જપથી કોઇ બ્રાહ્મણ બનતો નથી. સમતાથી જ મનુષ્ય શ્રમણ બને છે અને બ્રહ્મચર્યપાલનથી જ તે બ્રાહ્મણ બને છે. જે મનુષ્ય અનાસક્ત, શુદ્ધ, નિષ્પાપ, રાગ અને ભયથી મુક્ત, સંયમી, મનુષ્ય માત્ર તરફ દયાભાવવાળો, સત્યવક્તા, કામના રહિત અને અલિપ્ત છે તે જ બ્રાહ્મણ છે. દ્વિજોત્તમ એટલે સર્વ શુભ ગુણોથી વિભુષિત. મહાવીરનો ધર્મ કોઇ એક ખાસ વર્ગ કે જાતિને માટે નહીં પરંતુ માનવ માત્રને માટેનો છે. તેના શિષ્ય સમુદાયમાં સ્ત્રીઓ પણ હતી. સ્ત્રીઓને પણ સાધના કરવાનો અધિકાર હતો.

તેનો ઉપદેશ બધાંને માટે અને હંમેશા ઉપયોગી બને તેવો વિશાળ હતો. આજે આપણે તેના ઉપદેશના ગાંભીર્ય ને વિચારીએ તો તેનો અનુભવ સહેજે માલૂમ પડશે. સંચય અને શોષણ એ અહિંસા માટે બાધારૂપ છે. તેથી તેને દૂર રાખવા માટે તેમણે અપરિગ્રહ અને અસ્તેય ને વ્રતોમાં સ્થાન આપ્યું. પોતાનું સત્ય ગમે તેવું સારૂં હોય છતાં પણ તેને બીજા પર લાદવું ન જોઇએ એમ તેમણે કહ્યું. તેમણે પોતાના ઉપદેશ માટે નિરાગ્રહ વૃત્તિ સેવવાનું કહ્યું.

આજે સંસારમાં વિષમતા અને શોષણ ખૂબ જ ફાલ્યાં ફૂલ્યાં છે. વિજ્ઞાન દ્વારા હિંસાના એવા સાધનો સરજાયા છે કે જેનાથી આખી દુનિયાનો નાશ થઇ શકે. સૌથી વધારે શક્તિશાળી પણ આજે ભયભીત છે. સંસારમાં સુખ અને શાંતિ માટે અહિંસા સિવાય બીજો કોઇ માર્ગ નથી નિરાગ્રહ વૃત્તિ સિવાય સંસારનું ભલું ઇચ્છવાવાળાઓ એક બીજા સાથે હળી મળીને કામ કરી શકે તેમ નથી. અનેકાંતવાદ સિવાય વ્યાપકતા, તથા મધ્યસ્થ વૃત્તિ આવતી નથી. વિચારકોનુ મંતવ્ય છે કે દુનિયાને આજની સમસ્યાઓ ઉકેલવા માટે અહિંસા તથા અનેકાંત શક્તિશાળી છે. આજની કટોકટીની પરિસ્થિતિમાં ભગવાન મહાવીરનું પુણ્ય સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદગાર થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્રવ્ય પૂજા અને આજનું વર્ત્તન

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ભ૦ મહાવીર દેવે આત્મકલ્યાણના કારણરૂપ અથવા તો સંસારભ્રમણ ટાળવાના સાધન સમા બે ધર્મ દાખવ્યા છે. એક તો સર્વવિરતિ–ત્યાગરૂપ સાધુધર્મ અને બીજો દેશવિરતિ નામ શ્રાદ્ધધર્મ. એ શ્રાદ્ધધર્મનું પાલન સંસારસ્થ જીવોને સુગમ થઈ પડે એ સારુ દરરોજ છ કાર્યની આચરણા પૂર્વાચાર્યો દ્વારા વર્ણવાયેલી શાસ્ત્રમાં જોવા મળે છે. એ કરણીનો અમલ કરનાર નર–નારી શ્રાવક-શ્રાવિકારૂપે ઓળખાય છે. અહીં એ વર્ગને ઉપયોગી થઈ પડે એવી વિચારણા કરેલી છે. છ કર્ત્તવ્યોમાં જિનપૂજાનું સ્થાન પ્રથમ છે. જેઓ સર્વ કર્મનો કાયમને માટે નાશ કરી, સંસાર સાથેનો સંબંધ સદા માટે છોડી દઈ, સિદ્ધશિલામાં વિરાજ્યા છે એવા આત્માઓ સિદ્ધ, બુદ્ધ યાને પરમેશ્વર તરીકે ઓળખાય છે. તેઓ નિરંજન–નિરાકાર છે. એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની અભિલાષા પ્રત્યેક આત્મા કે જે મુમુક્ષુ હોય છે એના હૃદયમાં રમતી હોય છે જ. ઉપર વર્ણવેલ સિદ્ધદશા પ્રાપ્ત કરવામાં જે વિશિષ્ટ કોટિના આત્માઓએ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરી, પોતાના અંતિમ ભવમાં અઢાર દૂષણો ઉપર સંપૂર્ણ વિજય મેળવી, સમવસરણમાં કેવળી તરીકે વિરાજમાન થઈ, પોતાની સર્વજ્ઞતાના બળે પદાર્થોનું સ્વરૂપ જેવું જોયું તેવું વર્ણવી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ઉપદેશ શ્રવણ કરી. પ્રથમ દીક્ષા ગ્રહણ કરનાર યોગ્ય વ્યક્તિને ગણધર પદે સ્થાપ્યા. આ પ્રસંગ શાસન સ્થાપના તરીકે ઓળખાય છે. આપણે વસીએ છીએ એ ભરતની અપેક્ષાએ એ જાતની સ્થાપના કરનાર શ્રી મહાવીર–પ્રભુ ચોવીશમા યાને અંતિમ જિન છે. તેમની પૂર્વે તેમની માફક ત્રેવીશ તીર્થંકરોએ તીર્થ સ્થાપન કરેલ અને ઉપદેશ દ્વારા હજારો ભવ્ય જીવોના અજ્ઞાન તિમિરને ટાળી, આત્મશ્રેયના સાચા માર્ગે દોરવામાં નિમિત્તરૂપ બનેલ. આજે તેઓ સિદ્ધ સ્વરૂપમાં હોવાથી પ્રત્યક્ષરૂપે ઉપદેશ સંભળાવતા નથી છતાં તેમણે ચીંધેલ માર્ગ અને એ માટેના સાધનો ગણધરો અને પછીની પરંપરામાં થયેલા આચાર્યો દ્વારા સંગૃહીત કરાયેલા હોવાથી આજે પણ શાસ્ત્ર-ગ્રન્થોમાં દૃષ્ટિગોચર થાય છે. એ કારણે પંચમઆરાના જીવોને તરવાના સાધનમાં જિનમૂર્તિ અને જિનાગમ અગ્રપદે છે. પૂર્વે વર્ણવેલ એ તીર્થપતિઓની પૂજા કરવાથી તેમનામાં રહેલા ગુણોની સ્મૃતિ તાજી થાય છે. ઉપાસકના હૃદયમાં તેમની માફક જીવન જીવવાની તાલાવેલી જન્મે છે. તેઓ જે માર્ગે વિચર્યા તે પંથે વળવાનું મન થાય છે અને એમાં જેટલી તરતમતા તેટલી પ્રગતિ સમજવી. પણ આ સર્વ સ્થિતિ ત્યારે જ જન્મે છે કે એ ક્રિયાને લગતી સાચી સમજ હોય, નહીં તો ‘ અચરે અચરે રામ ’ જેવું સમજવું. ‘ જ્ઞાન વિનાની કરણી, ભવસાગર તરણિ ’ નથી બનતી અને ઘણી વેળા એ પાછળની અજ્ઞાનતા ભવભ્રમણ વધારનારી થાય છે. જીવવિચારનું જેને જ્ઞાન છે તે જાણે છે કે પુષ્પોમાં જીવપણું છે. એ બધા વનસ્પતિ કાયરૂપ એકેંદ્રિય જીવો છે. વીતરાગ એવી પ્રભુમૂર્તિના ચરણોમાં કે શીર ઉપર એ ચઢાવવા એટલે એ જીવોને અભયદાન આપવારૂપ કાર્ય ગણાય. એ કારણે ઉપાસકોએ ફૂલો કેવી રીતે લાવીને પ્રભુને ચઢાવવા તે સંબંધમાં જે સૂચના શાસ્ત્રમાં જોવા મળે છે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારણીય છે. કહ્યું છે કે–' પુષ્પ પાંખડી જ્યાં છેદાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય. ' આમ છતાં આજે શી સ્થિતિ જોવાય છે ! લાવવાની રીત તો અભરાઈ પર ચઢી ગઈ ! શોભાના નામે પાંખડીઓ છેદાય છે ! હારના નામે એ વીંધાય છે ! ખોળા ચઢાવતાં પૂર્વે પ્રભુઅંગ પર અંગલૂહણ ફેરવતા પૂજારીના હાથે એ છુંદાય છે ! અને લાખેણી આંગીના નામે એ એવી અને એટલી સંખ્યામાં મેળવાય છે કે એમાં નથી તો એ જીવોને કીલામણા થયા વગર રહેતી'! ભલે એ મૂક જીવો વદી શકતા ન હોય, પણ જ્ઞાની ભગવંતોએ એ સંબંધમાં જે કહ્યું છે તે યથાર્થ છે. ચર્મચક્ષુધારી એને ભક્તિનો રંગ ચઢાવે પણ જ્ઞાની નજરે એ કરણી સમજવિહુણી જ ઠરે છે જૈનધર્મમાં નથી તો સંખ્યા પર વજન અપાતું કે નથી તો કિંમતની ગણત્રી પર માર્ક મૂકાતા. સવિશેષ વજન તો વ્યક્તિની એ વેળાની ભાવદશા જે રીતે વર્તતી હોય છે તેના ઉપર મૂકાય છે. એ કારણે જ પાંચકોડીના ફૂલ ચઢાવનાર કિંકર રાજવી કુમારપાળ બને છે; અને પૂર્વભવમાં એ કિંકરના શેઠ તરીકે ગણાતા અને હજારો ફૂલો ચઢાવતા ભક્ત, રાજવીના મંત્રીપણાને પામે છે. શાશ્વતગિરિ શ્રી શત્રુંજય ઉપર પણ ભક્તિના નામે વીંધેલા હારો દાદાને ચઢાવાય છે !

અને આજે તો પૂજનવેળા ભક્તો દ્વારા પ્રભુબિંબ સહ જે વર્તન ચલાવાય છે એ જોઈ વિચાર ઉદ્ભવે છે કે આને કેવી રીતે ભક્તિ કહેવી ? પૂજનકાર્ય નવ અંગે કરવાનું કહેલ છે અને એ વેળા જે કંઈ ચિંતન કરવાનું છે તે, એ અંગેના દુહામાં દર્શાવેલ છે, આમ છતાં કેટલાક તો સંખ્યાબંધ ટીલાટપકા કરે છે. એ ક્રિયા વેળા તેમની આંગળીઓ એવી રીતે મૂર્તિ ઉપર ફરે છે કે એમાં નથા તો બહુમાન જણાતું કે નથી તો વિવેક જોવા મળતો. હવે તો પલાંઠી દબાવવાનુ કે પ્રભુની દાઢીમાં હાથ નાંખવાનું તેમજ માથું અંગે અડાડવાનું વધી પડ્યું છે ! વૈષ્ણવી નજરે ભલે આમ કરવું એ ભક્તિ ગણાતી હોય અને એથી શ્રી કૃષ્ણજી રાજી થતા હોય કિંવા ભક્તનો ઉદ્ધાર કરતા હોય, પણ અર્હંત્ દર્શનમાં આને વેવલાઈ કહેવાય છે. આવા ચેનચાળા કરવાથી અરિહન્ત પ્રભુ ભાગ્યેજ કોઈનો ઉદ્ધાર કરે છે. એમણે તો થાળી પીટીને જણાવ્યું છે કે–આત્મા, તારી ઉન્નતિ કરવી તારા જ હાથમાં છે. જે માર્ગ અમોએ લીધો અને કર્મો ઉપર કાયમનો વિજય મેળવ્યો તે જ માર્ગ તારે પણ તરવું હોય તો લેવો જરૂરી છે. તારા આત્મામાં અમારામાં છે તેવી અનંત શક્તિ છે જ. એના ઉપર જે આવરણોના જાળાં બાઝી ગયા છે તે ઉખાડી નાંખવાના છે. એ માટે વીર્ય ફોરવવાનું છે. એમાં અમારા પ્રત્યેની ભક્તિ કરવાપણું તો માત્ર નિમિત્ત કારણ ગણાય. તારા ઉદ્ધારક અમો નથી પણ તું જાતે જ છે. આવી સમજના અભાવે આજે આપણે જે હાસ્યજનક આચરણા કરી રહ્યા છીએ તે તાત્ત્વિક દૃષ્ટિયે જરા પણ બંધબેસતી નથી. પૂજાના બે પ્રકાર : એક દ્રવ્યપૂજા અને બીજી ભાવપૂજા. એમાં પણ દ્રવ્યપૂજા ઉપર ખાસ વજન મૂકાયેલ છે એનું કારણ ભાવપૂજામાં એ કારણરૂપ છે તે છે. જેમણે છ કાર્યની વિરાધનાના પચ્ચખાણ લીધા છે એવા મુનિમહારાજો માટે દ્રવ્યપૂજાની અગત્ય નથી સ્વીકારાઈ. આ પાછળનું રહસ્ય અવધારવાની ખાસ આવશ્યકતા છે. આજે ઘણાખરા દેવાલયોમાં જે ઉપાસકોનો મોટો સમૂહ પૂજન કરતો દૃષ્ટિગોચર થાય છે એમાંનો આંગળીના ટેરવા પર ગણાય તેટલો જ ભાવપૂજા પાછળનું રહસ્ય સમજીને એ કરતો હશે. એની વિચારણા આગળ ઉપર રાખી, જે દ્રવ્યપૂજનના આઠ પ્રકાર જાણીતા છે એમાં ત્રીજા પુષ્પ પ્રકાર અંગે કેવી સ્થિતિ છે તે આપણે આગળ જોઈ ગયા. જળપૂજાનો નંબર પહેલો છે અને પ્રક્ષાલપૂજા તરીકે એનું મહત્ત્વ ઝાઝેરુ છે. આવકની નજરે જ્યારથી એ અંગે બોલીની શરૂઆત થઈ ત્યારથી એ અંગેની ધમાલ મર્યાદા કુદાવી રહેલી છે. ત્રિગડું હોય અગર સંખ્યાબંધ એક લાઇનમાં વધારે પ્રતિમાજી હોય, ત્યારે બોલી તો મૂળનાયકની જ બોલાય અને એ વાસ્તવિક પણ છે. શાંતિથી પૂજા કરનાર આસપાસના બિંબોને કળશ કરી, એ પછી અંગલૂહણ આદિ ક્રિયા પતાવી ચંદનપૂજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘હું’ની વ્યાપ્તિ

શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

**મા**નવ જીવનનું રહસ્ય શોધવા બેસીએ ત્યારે એવો અનુભવ થાય છે કે, જો એમાંથી ‘હું’ કાઢી નાખવામાં આવે તો એ નીરસ અને સુખહીન બની જાય. આ મારું છે; મને અમુક જોઇએ, બીજાઓ કરતાં હું કાંઇક વધુ છું, એવી એવી અનેક ભાવનાઓથી એ જીવે છે. એના જીવનમાંથી જો ‘હું’ નીકળી જાય તો એના જીવનમાંથી મુખ્ય સારભુત વસ્તુ જ નષ્ટ થઈ જાય અને એનું જીવન ખારું થઈ જાય એવો જગતનો અનુભવ છે.

આ શરીર મારું છે. એનું સૌંદર્ય કેવું આકર્ષક છે? એને ટકાવી રાખવું અને બને તો એને વધુ સારું બનાવવું એ મારું કર્તવ્ય છે; તે માટે અનેક સાધનો મેળવવા એ મારી ફરજ એમ એ માને છે અને તે માટે અનેક પ્રસાધનો અને અલંકારો મેળવવા તે મથે છે અને તે માટે જ અનંત આપત્તિઓનો તેને સામનો કરવો પડે છે. મારી પાસે અમુક સાધનો છે અને તેને લીધે હું કેવું સુખ ભોગવું છું? અને બીજાઓ મારા કરતાં હલકા દરજ્જાના છે અને હું તેમના કરતાં વધારે ભાગ્યવાન અને મોટો છું, એવી ભાવનાથી એ ફુલાતો રહે છે અને પોતાના ‘હું’ને પોષણ આપ્યે જ જાય છે.

દ્રવ્યથી, વૈભવથી, બલથી કે જ્ઞાનથી હું મોટો છું એવી ભાવના જ્યારે જાગે છે ત્યારે બીજાઓ તરફ તુચ્છતા અને તિરસ્કારની નજરે જોવાની બુદ્ધિ વધુ પોષાય છે અને પછી તો ‘હું’ ખૂબ જડ અને ભારે બનતો જાય છે. દ્રવ્યનું દાન કરે છે ત્યારે હું પોતે દાની નહીં પણ દાનશૂર કર્ણનો અવતાર છું અને મારું દાન સ્વીકારનાર એક તુચ્છ ભીખારી પ્રાણી છે; મારો હાથ ઉપર છે અને સામાનો હાથ નીચે છે તેથી હું કોઇ ઊંચી કોટીનો માણુસ છું અને દાન લેનાર એક નીચ માણુસ છે એવી ભાવનાથી એ પોતામાં જાગેલ ‘હું’ને પોષ્યા કરે છે.

અધિકારથી ફુલાએલો માણુસ લાંચ ખાઈ પોતામાં પાશવી ગુણોનું પોષણુ કરતો રહેવા છતાં જેનો ન્યાય કરવા બેસે છે તેને તદ્દન હલકો ગણી પોતે ન્યાયમૂર્તિ છે એમ માની બધાઓને હલકા લેખી ન્યાય કરવાનો સ્વાંગ ભજવે છે, ત્યારે એમાં ‘હું’ની ભાવના અતિરિક્ત થઈ જાય છે. આ થઈ ન્યાયાધીશ કહેવડાવનાર અન્યાયી માનવની વાત. પણ જે તદ્દન શુદ્ધ નિઃસ્વાર્થ ભાવે ન્યાય તોલનારનો ‘હું’ મરી ગએલો હોય છે, એમ તો નથી જ. એ પોતે પોતાને ઊંચો ગણે છે અને જગતના બધા લોકોને પોતાથી હલકા ગણે છે. એમાં

---

કરી શકે છે. ઘણાં દેવાલયોમાં આમ થતું જોવાય પણુ છે અને એમાં કંઇ જ વાંધા જેવું નથી. આશ્ચર્ય તો ત્યારે ઉપજે છે કે ઉપર મુજબ પૂજા કરેલ આત્માને જરૂર તો ભાવપૂજાની ગણુાય અને કેટલાક એ રીતે કરી રહ્યા હોય છે પણ ખરા. પણ જ્યાં પ્રક્ષાલની શરૂઆત થાય કે એવાઓ પણ પોતાની ચાલુ કરણી પડતી મૂકી કળશ કરવા દોડ્યા આવે છે! આસપાસ પૂજા કરતા હોય છે તેઓ પણ એ ક્રિયા અધૂરી મૂકી કળશ કરવામાં ધમાલ કરે છે. આ દૃશ્ય જોતાં વિચારકને સહજ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે પૂજક પોતે જે ક્રિયા કરી રહ્યો છે એનો આશય સમજે છે કે કેમ? તારવણી કરતાં જણાય છે કે મોટા ભાગમાં સાચી સમજ કરતા દેખાદેખી વધુ જણાય છે. **(ક્રમશઃ)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ એના મનમાં ઊંડે છુપાઈ રહેલો ‘હું’જ કામ કરે છે અને પોતે પ્રામાણિક ગણાવા છતાં પોતાના ‘હું’ને છોડી શકતો નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, ‘હું’ની વ્યાપ્તિ ઘણા મોટા પ્રમાણમાં માણસના રગેરગમાં ભરાઈ ગએલી હોય છે અને એ કોઇ રીતે ‘હું’ને છોડી શકતો નથી માટે જ અહંભાવને છોડવો અત્યંત દુષ્કર છે અને કેવળ આત્મભાવ જાગૃત કરી જગતમાં નિર્લેપ રહેવું અત્યંત કઠણ છે, એ સિદ્ધ થાય છે.

આ તો થઈ જગતમાં રહેલા કામ, ક્રોધ, લોભ, અહંકાર ધારણ કરી રહેલા જગતના માનવીઓની વાત. પણ જે લોકો સાધુ થઈ જગતના બધા ઊહાપોહથી અને વિકારોથી દૂર થવાનો નિશ્ચય કરી પ્રતિજ્ઞાબદ્ધ થઈ ગએલા હોય છે અને આપણે માનીએ છીએ કે, તેઓ સંત મહાત્મા થઈ ગએલા હોવાથી તેઓમાંથી ‘હું’ની માત્રા જરૂર નષ્ટ થઈ ગએલી હોવી જોઈએ. અથવા ઘણી ઓછી તો ખાસ થઇ હશે જ. પણ અનુભવ તદ્દન ઉલટો મળે છે. જેઓ અજાતશત્રુ અને એકાંતે જનકલ્યાણ માટે અને ધર્મરક્ષણ માટે પ્રાણ અર્પણ કરનારા થઇ ગયા એવા મહાપુરૂષો માટે અમો કાંઇ કહેવા નથી માંગતા. પણ અનેક સાધુ નામધારી અને વિદ્વત્તાની અને મહાત્માપણાની પદવીઓની હારમાળા ધારણ કરનારા આચાર્યબૂવો માટે અમે કહેવા માગીએ છીએ. જગતમાં ધર્મના નામે અનેક ભિન્નભેદો, કંકાસો, વિદ્રોહો અને લડાઈઓ કરવા અને કરાવવામાં તેઓએ પાછું વાળી જોયું જ નથી. જે વસ્તુ જગતમાં શાંતિ, એકત્વ, ઐક્ય અને સમાધાન કરાવવા કારણભૂત થવી જોઇએ તે જ વસ્તુઓથી જગતમાં તેઓએ આગ ચાંપી છે. ત્યારે એઓમાંથી ‘હું’ ની ભાવના ગઇ છે એમ માનવાનું શું કારણ છે? અનુભવ એમ કહે છે કે અન્ય સંસારી માણસો કરતાં તો તેઓમાં જ ‘હું’ની માત્રા વધુ પ્રમાણમાં જોવામાં આવે છે.

પોતે સાધુનો વેષ ધારણ કર્યો તેથી તેઓ સર્વજ્ઞ થઈ જ ગયા એવી ભ્રમણામાં પડી ખૂબ વાચાળતા તેઓ કેળવે છે અને પ્રખર વક્તાનું બિરુદ ધારણ કરી બેસે છે તેમજ ધર્મની પાટ ઉપર ચઢી યદ્વાતદ્વા બોલી નાખે છે. તમે બધા જાનવરો છો. આમતેમ ભમ્યા કરો છો. તમને બધાઓને ખીલે બાંધવાનું કાર્ય અમારે કરવુ પડે છે—એમ તેઓ છડેચોક બોલે છે. વાસ્તવિક જોતાં તો આવું બોલનારા જ પોતે ભટકનારા સિદ્ધ થાય છે. જગતમાં જ્ઞાન અને વિજ્ઞાન કેટલું વધેલું છે? આપણી સામે બેસનારા આપણા કરતાં કેટલા વધુ કેળવાએલા અને ચકોર છે એનું તેમને ભાન પણ નથી. એવા પામર પ્રાણીઓથી આપણા ધર્મનું કાંઈક શ્રેય થશે અને ઉત્થાન થશે એવી માન્યતા રાખનારા એની બુદ્ધિનું મૂલ્યાંકન આપણે શી રીતે અને કેટલું કરીએ? આવી ગર્વોદ્ધત વાણી ઉચ્ચરનારા સાધુવેશધારી પ્રાણીઓમાં ‘હું’ ની માત્રા એટલી તો ઠાંસીને ભરેલી હોય છે કે, આ સંસારરૂપી મહાસાગરમાં ડૂબવા માટે તેઓ સજ્જ થએલા છે એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી.

સાધુવેષ એટલે બીજાઓને તુચ્છ માનવાનો અને ગમે તેવું અસંગત બોલવાનો ઈજારો કે લાયસન્સ મળ્યું એવું માનનારાઓને અમે અમારૂં આત્મશ્રેય કરવાનું કાર્ય સોંપીએ એ વસ્તુ કેમ બને? જે માનવ પોતાનું પણ શ્રેય સાધી ન શકે, જરા પણ બીજાનું બોલવું સાંભળી લેવા જેટલું પણ ઔદાર્ય ન બતાવે તેવો માણસ ભલે ગમે તેવો વેષ ધારણ કરી બેસે અગર ગમે તેટલી ઊંચી બિરૂદાવલિ પોતાના નામ સાથે જોડી લ્યે છતાં એ બીજાનું શ્રેય શી રીતે કરી શકે? પોતાને જગતના માનસનું, જગતની ધારણા શક્તિનું ભાન ન હોય છતાં ગમે તેવા શાસ્ત્રવચનો બતાવી લોકોને ડરાવ્યા કરે એનો કાંઇ જ અર્થ નથી. જગતનું આખું જ્ઞાન મારામાં જ સમાએલું છે એવી જેને ભ્રમણા થએલી હોય તેની સાન ઠેકાણે લાવવા માટે જ મહાજ્ઞાનીઓએ અનેકાંતનો સિદ્ધાંત જગત આગળ મૂકેલો છે, જેથી અન્યનું દૃષ્ટિબિંદુ પણ આપણે સમજી શકીએ. પણ એ સિદ્ધાંતને છાપરે ચઢાવી ‘હું’ પણું જ આગળ ધરી પોતાના જ હાથે સર્વજ્ઞની પદવી ગ્રહણ કરી લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનો એકાંતવાદ જ લોકો આગળ ધરવો એ અપૂર્વ ધૃષ્ટતા નહીં તો બીજું શું ?

મા પોતાના દિકરા દિકરી ઉપર પ્રેમ કરે છે, સગાઓ પોતાના હિતસ્વી તરીકે ઓળખાવવા પ્રયત્ન કરે છે, સ્ત્રી પોતાના પતિને પ્રાણવલ્લભ માને છે, પણ એ બધા સંબંધો સ્વાર્થપ્રેરિત 'હું'પણાના જ હોય છે. સ્વાર્થ સિવાય બીજી કોઇ પણ ભાવના એમાં હોતી નથી. જગતમાં પોતાની તરીકે જે માલ-મિલકત ઓળખાવે છે તેમાં પોતાની સુખસગવડ માનીને જ એ મોહ વિલસિત પેદા થએલું હોય છે. અર્થાત્ 'હું'પણાનો સ્વાર્થ એમાં કાર્ય કરે છે. એ બધું જોતાં જગતમાં અંગત સ્વાર્થ અને ઐહિક સુખસગવડો, મોટાઈની પ્રેરણા એ જ મુખ્ય ભાગ ભજવે છે, એ સિદ્ધ થાય છે.

આવી પરિસ્થિતિમાં પણ કોઈ કોઇ વખત નિસ્વાર્થ એવી ઊંચી ભાવના કાર્ય કરી જાય છે. અને એટલા અંશમાં જ પોતાનું સ્થાન ઊંચે ચઢાવી શકે છે; બાકી ઘણોખરો ભાગ અર્થમિશ્રિત 'હું'થી જ વ્યાપ્ત થએલો હોય છે. જગતમાં ધર્મને નામે જે ધામધુમ, દોડાદોડ અને મોટાઈનું પ્રદર્શન કે વિદ્વત્તાનો દેખાવ કરવામાં આવે છે તેમાં મોટે ભાગે સાચે જ 'હું'નું જ પ્રદર્શન હોય છે. એમાં આત્મિક નિઃસ્વાર્થ ઊંચી કોટીની ભાવનાનો અંશ ભાગ્યે જ જોવા મળે છે. એટલા માટે જ 'હું'ની માત્રાની વ્યાપ્તિ ઘણા મોટા પ્રમાણમાં જ જગતમાં છે, અને એથી મુક્ત રહેવું અશક્યપ્રાય છે એમ અમો કહીએ છીએ,

જો 'હું'પણામાંથી મુક્ત રહેવું હોય અને દરેક ક્રિયા આત્મલક્ષી અને સાચારૂપે કરી તેનું પૂર્ણ ફળ મેળવવું હોય તો આપણે કઠોર અને દીર્ઘકાલીન ભગીરથ પ્રયત્ન કરવો પડશે એ ભૂલી શકીએ નહિ.

આપણી દરેક નાની કે મોટી ક્રિયા કે હીલચાલ-ભલે તે ધર્મ જાણીને કરેલી હોય કે, વેપાર રોજગાર-ની હોય; ભણવા ભણાવવાની કે ઉપદેશ આપવાની હોય, દેશકાર્યની હોય કે સંશોધન કરવાની હોય તેમાંથી જેટલી બને તેટલી 'હું'ની માત્રા ઓછી કરવા પ્રયત્ન કરવો જોઇએ. અને જેટલા પ્રમાણમાં તેમાંથી 'હું'નું ઝેર ઓછું થશે તેટલા પ્રમાણમાં આપણી ક્રિયા શુદ્ધ ફલ આપનારી નિવડશે. અત્યંત શુદ્ધ ક્રિયામાં પણ અહંભાવ ઝેર નાખનારા તરીકે પરિણમે છે, માટે જ 'હું' પણું આપણામાંથી નષ્ટ થઈ આપણા હાથે અમૃત ક્રિયા જ થતી રહે એમ ઇચ્છી વિરમીએ છીએ.

भिक्षुका नैव भिक्षन्ति बोधयन्ति गृहे गृहे ।
दीयतां दीयतां लोका अदातुः फलमीदृशम् ॥

ભીખ માગે ન ભીખારી, શીખ આપે ઘરે ઘરે;
ન આપ્યાનાં ફળો પાવો, આપો આપો જનો ખરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરની અહિંસા

"રક્તતેજ"

**આજથી** અઢી હજાર વર્ષ પૂર્વે હિંસાનું ઘોર સામ્રાજ્ય જામ્યું હતું. ધર્મને નામે તથા યજ્ઞ અને કર્મકાંડને નામે પણ હિંસાની એક રીતે પ્રતિષ્ઠા થતી હતી. જગત-ઉપકારક મહાવીરે તે જોયું ને તેમનો આત્મા કકળી ઉઠયો. તેમણે વિચાર્યું કે શું માનવી પોતાના મોજશોખ અને સ્વાર્થને ખાતર દયાહીન અને નિષ્ઠુર થઈ શકે છે ?' તેનો હવે શું ઉપાય ? તેમના દિલમાં ખૂબ મનોમંથન ચાલ્યું. તેમણે વિચાર્યું કે આટલી હદ સુધી હિંસાનો પ્રચાર અને પ્રતિષ્ઠા વધ્યા તે માટે કંઇ રસ્તો શોધવો જોઇએ. આ વિશ્વમાં માનવીને જો જીવવાનો હક છે તો બીજા પ્રાણીઓને પણ જીવવાનો હક શા માટે નહિ ?

આ વિચાર-ધારાએ તેમના મનને ઘણો વખત વલોવ્યું. છેવટે તે માટે વિશ્વના દરેક પ્રાણીઓના હિત માટે તેમણે સંયમનો માર્ગ સ્વીકાર્યો. વર્ષોના વર્ષો તેમણે તપસ્યા અને ધ્યાનમાં ગાળ્યા. તે ત્યાગ અને તપશ્ચર્યા, ધ્યાન અને શુભનિષ્ઠાને પરિણામે તેમને કેવળજ્ઞાન લાધ્યું, અને જગતના જીવોને ધર્મમાર્ગે લઈ જવા સુંદર ઉપદેશ આપવો શરૂ કર્યો.

તેમના ઉપદેશમાં સ્વાભાવિક રીતે જ 'અહિંસા'-ને સર્વપ્રથમ સ્થાન મળ્યું. પોતાની આસપાસ થતી હિંસાને જોઈ કયા ચિંતકનું મન નથી દુઃખાતું ? તેમણે પણ જોયું કે જગતને જો સાચું સુખ, સાચી શાંતિ જોઇતી હોય તો દરેક પ્રાણીઓ પ્રત્યે દયા અને સમભાવ કેળવવો પડશે. નાના નાના પ્રાણીઓ પ્રત્યે હિંસા આચરનાર માનવી ધીરે ધીરે માનવ-હિંસા આચરતા પણ અચકાશે નહિ. જો માનવ-દયા બરાબર પાળવી હોય, માનવીએ સુખી થવું હોય તો પશુ, પક્ષી અને પ્રાણી તથા વનસ્પતિ એ સર્વ આત્માઓ પ્રત્યે પણ સમભાવ અને દયા કેળવવા જ જોઇએ; તો જ માનવીના હૃદયમાં દયા અને શાંતિનું બીજ વવાય ને વિશ્વશાંતિની સાચી ભાવના જન્મે.

આ રીતે ભગવાન મહાવીરની અહિંસા એ સંકુચિત અહિંસા નહોતી. એ અહિંસા "સ્વાર્થી" માનવ-સમુદાય કે સંપ્રદાયે ઘડેલી નહોતી. એ અહિંસા માત્ર માનવ-પ્રાણી માટેની જ અહિંસા નહોતી. એ અહિંસા તો આખા વિશ્વમાં રહેલા નાના-મોટા સ્થાવર અને ત્રસ દરેક પ્રાણી માત્ર માટેની અહિંસા હતી.

એમની અહિંસા આટલી વિશાળ છતાં ઘણી જ સૂક્ષ્મ હતી. તે અહિંસા માત્ર 'પ્રાણીનો વધ કરવાથી અટકવું' એટલી જ નહોતી. તેમની અહિંસા શારીરિક ક્ષેત્ર વટાવીને વાચિક અને માનસિક ક્ષેત્રને પણ સ્પર્શે છે.

માણસ જીવોની હિંસા ન કરે પણ વાણીથી પણ બીજાને દુભવે એ પણ હિંસા છે એટલું જ નહિ બલ્કે મનથી કોઈ પ્રાણી માટે અહિત ચિંતવવું, કોઈના પ્રત્યે મનમાં દ્વેષ કરવો એ પણ ભગવાન મહાવીરના સિદ્ધાંત પ્રમાણે હિંસા જ છે. એ હિંસા બાહ્ય હિંસા કરતા અનેકગણી ઘોર અને અધઃપતન કરનારી છે, કારણ બધી હિંસાના મૂળમાં એ માનસિક હિંસા જ રહેલી હોય છે. તેવી માનસિક હિંસાને કારણે જ સમાજમાં અનીતિ, કાળાબજાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંચરૂશ્વત, શોષણુનીતિ વૃદ્ધિ પામે છે અને સમાજને અશાંતિને માર્ગે ઘસડી જાય છે.

આવા અહિંસાના મહાન પયગમ્બરના અનુયાયી આપણે આજે એમની કેટલી 'અહિંસા' પાળીએ છીએ એ વિચારવા જેવું છે.

આપણે આજે તો એમની પૂજા કરીને અગર 'ભગવાન મહાવીરની જય' બોલીને જ અટકી જઇએ છીએ કે બીજું કાંઈ? વ્યવહારમાં આજે ચારે બાજુ હિંસા—સૂક્ષ્મ અને સ્થૂલ સ્વરૂપમાં—આગળ વધતી જાય છે. આજની રાજકીય દૃષ્ટિએ પણ આજે 'હિંસા—અહિંસા'નો પ્રશ્ન ખૂબ વિચારણા માગી રહ્યો છે ત્યારે આપણું રૂંવાડુંયે ફરકતું નથી.

આજના સંજોગોમાં ભગવાન મહાવીરની વિશાળ અને સૂક્ષ્મ અહિંસાની દૃષ્ટિએ વિચારણા ખૂબ જ કરવાની જરૂર છે અને આજના ડહોળાએલ રાજકારણમાં "ભગવાન મહાવીરની અહિંસા" વિષે અત્યારની પરિસ્થિતિ અને ગુંચવણો લક્ષ્યમાં રાખીને આધુનિક દૃષ્ટિએ ખૂબ જ પ્રચાર કરવાની જરૂર છે.

એ રીતે સંયોગો રાજકારણ અને આંતરરાષ્ટ્રિય-સંબંધોને લક્ષ્યમાં રાખી ભગવાન મહાવીરની અહિંસા-નો પ્રચાર કરવામાં આવે તો સમાજમાં ધર્મ અને શાન્તિ પ્રગટે અને રાજકારણ વધારે શુદ્ધ બને અને લાંબો વખત સુધી ટકી શકે એવી વિશ્વ શાન્તિ પ્રાપ્ત થાય. જય મહાવીર.

"सव्वे जीवा वि इच्छंति
जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं
निग्गंथा वज्जयंति णं ॥"

દરેક જીવો જીવવા ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતું નથી. તેથી નિર્ગ્રન્થ પ્રાણીવધ કરવાનું છોડી દે છે.

"દશવૈકાલિક"

# શોણિતપુર

(શોણિત એટલે રક્ત, આ લોહીની નગરી એટલે કાયામાં શુભભાવ સાથે અશુભભાવો પેસી જાય છે અને આત્માને હતપ્રભ કરી નાખે છે, તેથી બચવા આત્માને ઉપદેશ કરવામાં આવ્યો છે.)

(ચંદ્રકાંત છંદ)

શોણિતપુરવર નગરી સુંદર અભિનવ સોહામણી
રચના અનુપમ લક્ષ્મીરૂપિણી ઈંદ્રપુરી સમ બની
જોતા કારીગરી એહની ચિત્ત હરે સહુતણું
ધન્ય એ હતો રચના-કારક ચતુર દેવ તસ ગણું ૧
મૃદુ મધુ સુંદર ગહન માર્ગ છે એમાં અનુપમ ઘણા
ગમનાગમને સહજ મનોહર જે આકર્ષક ઘણા
દ્વાદશ સંખ્યા એહતણી છે આગમ નિર્ગમ વહે
જેમાંથી સંચરે રત્નમણિ ગુણ રૂપો બહુ વહે ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે કરીઆણા સદ્દગુણના રસમય ફળ બોધના
જપ તપ ને સ્વાધ્યાય ધ્યાનના કુસુમ સુગંધિત ઘણા
બોધબીજ પણ સુફલિત થાવા સ્વયં ત્યાગ અર્પણા
મનન ધારણા ઉપદેશામૃત પાન જાય છંદના ૩

પ્રવાહ એવા સદ્દગુણમણિનો સતત વહે નગરીમાં
તે સાથે વેષાંતર કરતા રિપુ પેશે રાજના
કામ ક્રોધ ને લોભ અહંતા મોહાદિક આવતા
પ્રસાધનો બહુ વિલોભનીય ને મનમોહક લાવતા ૪

એ સહુ આકર્ષક સંસારી વણે પાશ આકરા
રંગઢંગ કરી નૃત્ય મોહિની મદિરા પાઈ ખરા
રાજા આત્મા રાજકાજ સહુ તજી ખેલતો રહે
બની રહ્યું શું ભાન ન એને. મનમાં સંભ્રમ વહે ૫

નાચ ગાન ગુલતાન બન્યો એ ભૂલ્યો કર્તવ્યને
ધર્મ ભૂલતા દેવગુરુનો સંગ તજ્યો સંભ્રમે
પીધી મદિરા મોહતણી ને નિજને ભૂલી ગયો
પરવશ બંદીજન થઈ રખડ્યો રાજ્ય ગુમાવ્યું જુઓ ૬

સ્વરૂપ ન ઓળખતા જે નિજનું રાજ્યભ્રષ્ટ થયો
સ્વાભિમાન ખોઇને નિજનો કારાગૃહમાં ગયો
આચરણા થઇ તુચ્છ એહની મોહવિવશ એ રહે
મોહરાજના આપ્યા ટુકડા ખાઇ કાળને વહે ૭

ભો આત્મા ! તું રાજા નિજનો સ્વયં નિયંતા છતા
થઈ દુર્દશા કરુણ તાહરી ઓળખ નિજને સ્વતઃ
પરમાત્મા થાવાની સતા છે તુજમાં જાણજે
બાલેન્દુ વિનવે તું હજુએ જાગ વિનતિ માનજે ૮

કવિ– બાલચંદ હિરાચંદ, સાહિત્યચંદ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆની પ્રતિમાનો

# અનાવરણ વિધિ

સાચા દેશસેવક, સમાજસેવક અને કેળવણીના પ્રખર પ્રચારક ધર્મનિષ્ઠ સ્વ. મોતીચંદ-ભાઇની પ્રતિમાનો અનાવરણ વિધિ કેન્દ્ર સરકારના ખેતીવાડીખાતાના પ્રધાન શ્રી એસ. કે. પાટીલને હસ્તે તા. ૨૭-૩-૬૦ને રવિવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સરકારી અધિકારીઓ, કોંગ્રેસ કાર્યકરો, સમાજના અગ્રણીઓ તથા જનસમુદાયની સારી હાજરી હતી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. શ્રી મોતીચંદભાઇની પ્રતિમા મૂકી તેમના પ્રત્યેનો ઋણ-સ્વીકાર ભાવ પ્રગટ કર્યો છે. જો કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ સંસ્થા પોતે જ મોતીચંદ-ભાઇની સાચી સ્મૃતિરૂપ છે.

શ્રી મોતીચંદભાઇએ એ સંસ્થાની સ્થાપના કરવામાં ઘણી દીર્ઘદૃષ્ટિ વાપરી હતી. અને તેની નાનમાં નાની બાબતોનો કાળજીપૂર્વક વિચાર કરી યોજના ઘડતા. તે યોજનાને અમલી બનાવવામાં તેમને યોગ્ય સહકારી વર્ગ મળી ગયો. તેમની બુદ્ધિ અને ધગશે અનેકવાર એ સંસ્થાને મુશ્કેલીમાંથી ઉગારી એ સંસ્થાનો ધ્વજ ફરફરતો રાખ્યો છે. એવા મહાપુરુષની પ્રતિમાનું અનાવરણ કરી સંસ્થાએ ઘણું જ યોગ્ય કાર્ય કર્યું છે.

સંસ્થા વધારે પ્રગતિ કરી સ્વ. શ્રી મોતીચંદભાઇના નામને વધુ ઉજ્જવળ બનાવે એવી શુભેચ્છા.

**"અહિંસા પરમો ધર્મ:**—આ માસિકનો પહેલા વર્ષનો પહેલો અંક મળ્યો તેમના તંત્રી શ્રી કાન્તિ જે. મહેતા છે. તંત્રીશ્રી જણાવે છે કે "સુદેવ, સુગુરુ, સુધર્મ, વ્યવહાર-શુદ્ધિ, શાકાહાર, સર્વધર્મસમન્વય, જનસેવા, રાષ્ટ્રસેવાના વિશુદ્ધ પ્રચારાર્થે જ આ પત્ર કાઢવામાં આવ્યું છે."

આ શબ્દોમાં માસિકની ઉચ્ચ ભાવનાઓ રજૂ થાય છે. અને તે ભાવનાઓને વ્યક્ત કરવામાં આ માસિક સફળ બને એવી શુભેચ્છા.

# દાનનો લાભ

જૈન ધર્મના એક મહાન જ્યોતિર્ધર અને અજોડ સંગ્રહકાર શ્રી ઉમાસ્વાતિ વાચકે, એમના સુપ્રસિદ્ધ તત્ત્વાર્થસૂત્રમાં દાનની બહુ જ સૂચક સુંદર વ્યાખ્યા આપતાં કહ્યું છે કે अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्—બીજાનું ભલું થાય એ માટે પોતાની વસ્તુનો ત્યાગ કરવો એનું નામ દાન.

આમ કહીને જાણે વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજ માનવસમાજને એમ ઉદ્‌બોધન કરતા હોય એમ લાગે છે કે—હે માનવો ! જો કોઈનું પણ કલ્યાણ કરવાની તમારી કામના હોય તો જેને તમે તમારી ગણુતા હો એ વસ્તુનો ત્યાગ કરતાં શીખો ! તમારો એ કલ્યાણલક્ષ્મી ત્યાગ તમારું અને બીજાનું બન્નેનું કલ્યાણ કરશે !

દાનના સર્જક શક્તિનો મહિમા વર્ણવતા કુદરતસર્જિત અને માનવસર્જિત કીર્તિસ્તંભો જોવા મળે છે.

મીઠાં મધુર ફળોથી લચી પડતાં વૃક્ષો, સૌન્દર્ય અને સૌરભભર્યાં પુષ્પોથી હસી ઊઠતા છોડો અને લતાઓ, આંખોને શીતલતા અર્પતી વનરાજી, પશુધનને જીવન આપતાં હરિયાળાં ગૌચરો અને સૌના જીવનના આધારરૂપ અન્નને નિપજાવતાં ખેતરો—એ બધાંય ધરતીમાતાના રસદાનનો અને મેઘરાજાના જળદાનનો મહિમા ગાતા કીર્તિસ્તંભો જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ચિંતન અને મનન

**कर्मण्येवाधिकारस्ते मा फलषु कदाचन ॥**

* નીતિની સતત રામધૂન લેનાર માનવીના કરતાં લાખો શ્રમજીવી ખેડૂતો અને મજૂરોને મેં વધુ નીતિમય જીવન જીવતા જોયા છે.

* સફળતા અને નિષ્ફળતા એ બન્ને પુરુષાર્થના જ પરિણામો છે. પુરુષાર્થવાન પુરુષોને જ એ સાંપડી શકે કાયર માણસો તો કશું જ પામી શકતા નથી. અને એટલે જ એ દૂર ઊભા તાળીઓ પાડવાનું કામ કરે છે ને?

* સફળતાને વરેલો માનવ તો કેવળ પુષ્પ અને પ્રશંસાને પામે છે જ્યારે નિષ્ફળતાને પામેલો તો જીવનભોગ ઘણું ઘણું મેળવે છે.

  ધીરજ, ખંત, નમ્રતા, પરમ પુરુષાર્થની પ્રેરણા અને અપૂર્ણતાની પૂર્તિઓ.

  આ બધી અમૂલ્ય ભેટો નિષ્ફળતા સિવાય કોણ બક્ષી શકે તેમ છે?

  સફળતાની ભેટ તો માત્ર એક જ છે અને તે વિજયનો ગર્વ!

* ધનની માલિકી છોડનારો શ્રીમંત ગરીબો પર મહેરબાની નથી કરતો પણ પાપનું પ્રાયશ્ચિત કરે છે, કારણકે ધનનો સંગ્રહ એજ મહાપાપ છે. અને ધનિક એ ચોરનો બાપ છે.

* પૂર્વજોના પુણ્યને વટાવનારો તો વળી અધમ છે પરંતુ પોતાના જ પૂર્વ પુણ્યોને વટાવનારો તો વળી અધમાધમ છે.

* "મેં આ દાન કર્યું, મેં આ પુણ્ય કર્યું," એમ કહેવામાં દાનનો બદલો આપમેળે જ આપણે પ્રતિષ્ઠાથી મેળવીએ છીએ.

  જેમ પાપનું પુનઃ સ્મરણ કરવામાં જોખમ છે તેમ પુણ્યનું પુનઃ સ્મરણ તો એથી એ વધુ જોખમકારક છે.

* "જગતમાં ચોર ચોરી કરે એ હું સહન કરી શકતો નથી." એવું કહેનાર મહાપુરુષને પૃથ્વી એટલો જ જવાબ આપે છે કે "ભલાભાઇ! મારી છાતી પર સેંકડો દુષ્ટોને હું સહન કરીને ફરવા દઉં છું તો પછી તું શું વિસાતમાં!"

  યાદ રાખ! સહનશીલતા એ જ સંતોનો શ્રેષ્ઠ ધર્મ છે.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only